

## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૩૧)

**કલકત્તા**
**૮-૧૧-૬૨**

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**આત્માર્થી...સોનગઢ, શુદ્ધાત્મસત્કાર.**

આપનું દીપાવલીનું કાર્ડ અને તે પછીનો પત્ર મળ્યાં. શું લખું એ સમજમાં આવતું નથી. ઉત્કૃષ્ટ પુણ્યયોગથી જ્ઞાન-આનંદની ખાણ સમા અપૂર્વ સત્પુરુષ 'શ્રી ગુરુદેવ' નિમિત્તરૂપે આપની સમીપ છે, જેમની નિરંતર ધ્વનિનો સંકેત તેમની તરફથી લક્ષ્ય હઠાવીને 'સ્વ'ની અંતરંગ ખાણનું લક્ષ્ય કરાવે છે, જ્યાંથી યથાર્થ ન્યાય, સુખ વગેરે ઊઘડતા રહે છે, તેથી સ્વ-અસ્તિત્વમયી ત્રિકાળી આત્મામાં ફેલાઈને સુખાસ્વાદન કરો, જે સ્વાદના વશે દેવાદિક પ્રત્યે પણ ઉદાસીનતા થવા લાગે છે. આમાં અર્થાત્ પરમાં એકાંતે રસ તેમ જ જાગૃતિ હોવી – તે સ્વભાવના અરુચિપણાની સૂચક છે. હું વર્તમાનમાં જ પરિપૂર્ણ સુખનો સાગર છું, વર્તમાનમાં જ દેવાદિકથી અથવા એના આશ્રિત રાગથી જરાયે લાભ નથી. લાભ માનવો એ જ સ્વનો અલાભ છે. આ ન્યાય તીરની જેમ બાહ્ય વૃત્તિના લક્ષ પ્રતિ અસર કરે તો વર્તમાનમાં જ સ્વભાવોન્મુખ પ્રયત્ન થાય.

ભાઈનું દીપાવલી કાર્ડ મળ્યું. તેમને અને બીજા ભાઈઓને ધર્મસ્નેહ.

**શુદ્ધાત્મસ્નેહી નિહાલચંદ્ર**

(૩૨)

**કલકત્તા**
**૧૫-૧૧-૬૨**

**શ્રી સેઠીજી સાહેબ, સાદર જયજિનેન્દ્ર.**

આપનો તા. ૧૨-૧૧-૬૨નો પત્ર મળ્યો. અન્ય લોકોના ચારિત્રનિર્માણ સંબંધી આપનો દૃષ્ટિકોણ ખ્યાલમાં રાખીને નીચે સ્પષ્ટીકરણ લખ્યું છે :-

૧. પ્રથમ તો હું કોણ છું અને હું શું કરી શકું છું – આનો યથાર્થ ખુલાસો થતાં કાર્યની યથાર્થ સીમા બંધાઈ શકે. હું આત્મા છું, પરિણામ કરવાં અને તે જ પરિણામોને ભોગવવાં એ જ માત્ર આત્માની ક્રિયા છે; આનાથી વિપરીત પોતાનાં જડ શરીરાદિનાં તેમ જ અન્ય આત્માનાં પરિણામો હું આત્મા કરી શકતો નથી, કારણકે જડનાં પરિણામોનો કર્તા જડ દ્રવ્ય છે અને અન્ય આત્માનાં પરિણામોનો કર્તા તે આત્મદ્રવ્ય છે. (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્)

૨. ઉક્ત પ્રકારનો યથાર્થ નિર્ણય થયા પછી પરપરિણામના કિંચિત્ પણ કર્તાપણાનો અભિપ્રાય તૂટી જાય છે. હું પરનું કાંઈ પણ કરી જ શકતો નથી તો પછી પરાશ્રિત પરિણામ શા માટે કરું કે જે સ્વયં આકુળતામય

**(અનુસંધાન પાના નં.૧૫ પર...)**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૫૫, વર્ષ–૨૩, ફેબ્રુઆરી–૨૦૧૯

## અષાઢ સુદ ૧૨, બુધવાર, તા.૨૯–૦૬–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૬૦–૬૧, પ્રવચન–૨૧

૬૦. '**પોતાની અંદર જ મોક્ષમાર્ગ છે.**' એ મોક્ષમાર્ગ આત્મામાં છે.

**णासग्गिं अब्भिंतरहँ जे जीवहि असरीरु।**
**बाहुडि जम्मि ण संभवहिं विवहिं ण जणणी–खीरू।।६०।।**

'**જે જ્ઞાની નાસિકા ઉપર દૃષ્ટિ રાખીને...**' (નાસિકા ઉપર એટલે) અંતર્મુખ દૃષ્ટિ રાખીને. નાસિકા તો એક બહારનું નિમિત્ત લીધું છે. સમજાણું? '**णासग्गिं**' એટલે અંતર અગ્રપણે ધ્યાન રાખીને. '**દૃષ્ટિ રાખીને અંદર શરીર રહિત...**' ભગવાનઆત્મા આકાશ સમાન ત્યાં ગણ્યો છતાં ચેતન કહ્યો, એને હવે અહીં ધ્યાન (કરવાનું) કહે છે. એવો ચૈતન્મૂર્તિ આત્મા, એમાં અભ્યંતર મુખ્ય જ્ઞાનાનંદને અગ્ર બનાવી અંતર ધ્યાન કરે તો એનો મોક્ષમાર્ગ અંતરમાં જ છે. સમજાણું કાંઈ? ધર્મીજીવ નાસિકા પર દૃષ્ટિ એટલે અંતર (સ્વરૂપ) ઉપર દૃષ્ટિ રાખીને, મુખ્ય વસ્તુ જે છે તેના ઉપર દૃષ્ટિ રાખીને '**અંદર શરીર રહિત...**' એટલે અંદરમાં શરીરરહિત એવા આત્માને શુદ્ધ કુંદન સમાન બનાવે. લ્યો! સોના સમાન બનાવે.

'**જો મોક્ષપ્રાપ્તિને અનુકૂળ શરીરાદિ સામગ્રી...**' એ કાંઈ નહિ. '**તો એ સાધક તે જ ભવે અને નહિ તો...**' જ્યાં સુધી એવા નિમિત્તો નથી ત્યાં સુધી એવો પુરુષાર્થ પણ નથી, એમ લેવું. કહો, સમજાણું? આત્માને જુવે છે, લ્યો! શરીરરહિત શુદ્ધ આત્માને જુવે છે. પછી વારંવાર જન્મ ધારણ નહિ કરે. ભગવાનઆત્મા જ્ઞાનમૂર્તિ હોવાથી પોતાની જ્ઞાનની પૂર્ણ નિર્મળતા પ્રગટ કરવા અભ્યંતર મોક્ષનું સાધન કરે, અંતર ધ્યાન કરીને, '**પછી કદી માતાનું દૂધ નહિ પીવે.**' ન પીવે જનની દૂધ. બીજી માતાની કુંખે અવતરશે નહિ. સમજાણું? પોતાના આનંદ અને જ્ઞાનસ્વરૂપનું ધ્યાન. જુઓ! આમાં વિકલ્પ ને રાગ ને નિમિત્ત ને વ્યવહારની વાતું ક્યાંય રહી નહિ.

મુમુક્ષુ :- ક્યાં ગઈ?

ઉત્તર :- એને ઘરે, એનામાં. (નિજ) ઘરમાં નથી, એમ કહે છે.

ભગવાનઆત્મા ચૈતન્યબિંબ જ્ઞાયકસ્વરૂપ, તેનું અગ્ર ધ્યાન, તેને મુખ્ય લક્ષમાં લઈને અંતર ધ્યાન કરે તો મોક્ષનો માર્ગ અભ્યંતર પોતાની પાસે છે. સમજાણું કાંઈ? અંદર મોક્ષમાર્ગ છે. એટલે વિકલ્પમાં નથી, નિમિત્તમાં નથી, આ સંઘયણ, મનુષ્ય દેહાદિમાં મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નાસિકા અગ્ર દૃષ્ટિ રાખે...

ઉત્તર :- ઈ નાસિકા એટલે આમ રાખે એટલે અંદર જાય એમ. બીજું શું? એનો અર્થ (કે) ત્યારે એમ થાય. આ આંખ ફેરવીને આમ જાય તો અંદર જાય, એમ (કહે) છે. નાસિકા ઉપર (એટલે) આમ બહાર રાખવી છે? સમજાણું કે નહિ? નાસિકાનો અર્થ કે, આમ

જે આંખ ફરે છે એને અંદરમાં લાવવી, એમ એનો અર્થ (છે). (દૃષ્ટિને) અંદરમાં લાવવી, એમ કહે છે. નાસિકાની વાતું વ્યવહારની છે. નાસિકા ઉપર ક્યાં આંખ લાવવી? ઈ તો આમ અંદર લાવતા અંદર જાય. વસ્તુના સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય એને અહીં નાસાગ્ર દૃષ્ટિ કહેવામાં આવે છે. એમ કહે છે, લ્યો! સમજાણું કાંઈ?

આત્માનું નાક-પૂર્ણાનંદ નાથ પ્રભુ એ એનું-આત્માનું નાક છે. આ નાક આત્માનું છે? ઈ પૂર્ણાનંદ એનું નાક છે, એને લઈને નભી રહ્યો છે. એવા પૂર્ણાનંદના નાથ ઉપર નજર કરે, એને મોક્ષનો માર્ગ અભ્યંતર પ્રગટ થાય, મૂળ તો એમ છે.



સમજાણું કાંઈ? બહારના નાકનું અહીં શું કામ છે? એ તો નિમિત્તથી વાત કરી. અંદરમાં મુખ્ય વસ્તુ (નિજ સ્વરૂપ છે). માણસ નાક માટે મરે છે ને? જુઓને! મોટી આબરૂ ઈ નાક. આત્માની મોટી આબરૂ અનંત કેવળજ્ઞાનનો ધણિ એ એનું નાક છે.

ભગવાનઆત્માની આબરૂ કેટલી? આહાહા..! જે કેવળજ્ઞાનીની વાણીમાં ન આવે એવું એનું સર્વજ્ઞપદ છે. કેવળજ્ઞાનની વાણીમાં ન આવે એવો અનંત આનંદ છે. કેવળજ્ઞાનીની વાણીમાં ન આવે એટલો તો અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંતનું બળ છે, બળ. આહાહા..! એ અંતર બળ પડ્યું છે. એ એનું નાક છે, એ એની આબરૂ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ફલાણાભાઈનું શું નાક?

ઉત્તર :- એમાં શું ડાળિયા? એ મરીને પાછો નરકે જાય. લ્યો! ફલાણા ભાઈની શું વાત? ન્યાં નરકમાં ધોદા ખાય. ન્યાં પણ એમ કહેવાશે એનું? આહાહા..! રાજા, મહારાજા આમ ઢોળિયે સૂતા હોય, આ..હા..! એ મરીને નરકે ગયા. એ અત્યારે રાડેરાડ્યું પાડે છે. અરે..! જેને લાંબી દૃષ્ટિ નથી, એને જોવાના દ્રવ્યના પર્યાય કાળ કેવા હોય? સમજાણું? આહાહા..! આમ ચક્રવર્તી મહારાજા...! ખમ્મા અન્નદાતા! સોળ સોળ હજાર દેવ સેવા (કરે), છન્નુ હજાર પદમણિ જેવી સેવા (કરે). એ 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી મરીને સાતમી નરકને પાતાળે ગયો. શું ખમ્મા.. ખમ્મા..! શું બાપુ! એની શું વાત!! અહીં એવું હતું. ન્યાં શું હતું? બાપુ! એના જેવા દુઃખ કોને છે? ત્યાં એવું છે.

આત્મા જેવી ચીજ કોની, બાપુ! એની શું વાત કરવી! આહાહા..! જેના આત્મામાં... સમજાણું કાંઈ? ભગવાનઆત્મા વાણીને ગમ્ય નહિ, વિકલ્પને ગમ્ય નહિ. મન, વાણી, દેહાદિ પરથી તે ગમ્ય નહિ. સમજાણું કાંઈ? એની આબરૂ શું કહેવી! એની આબરૂની શું વાતું કરવી! એવો જે ભગવાનઆત્મા પોતામાં અભ્યંતરમાં પોતાનું સ્વધ્યાન કરે તો અલ્પકાળમાં નિર્વાણ ને કેવળજ્ઞાનને પામે. એવો એને અભ્યંતર મોક્ષમાર્ગ રહ્યો છે, એમ કહે છે. એ બહાર ગોતવા જાવો પડે એવો નથી.

મુમુક્ષુ :- દુઃખી થાવું ગમે છે?

ઉત્તર :- ગમે છે. ભાન ન મળે એટલે શું કરે? વિષ્ટાના કીડા વિષ્ટામાં ગરે. સમજાણું? કીડાને વિષ્ટામાંથી બહાર કાઢો તો વિષ્ટામાં જાય. એમ છે ને એને? ચીજની ખબર નથી. કસાઈના બોકડાને બહાર કાઢે તો બોકડો પાછો ન્યાં જાય ઘરે. અનાદિની ટેવ પડી છે ને.

ભગવાનઆત્મા..! બાપુ! તારી આબરૂ તેં સાંભળી નથી. તારી આબરૂની વ્યાખ્યા વીતરાગની વાણીમાં પૂરી

આવતી નથી. સર્વજ્ઞ પરમેશ્વર જે સર્વોત્કૃષ્ટ કેવળજ્ઞાનની સંપદાવાળા કહેવાય અને અનંત બળવાળા કહેવાય, એમની વાણીમાં પણ તારી (વાત પૂરી આવતી નથી). એમના જ્ઞાનમાં વાત આવી ગઈ. એમના જ્ઞાનમાં જાણે કે, ઓ..હો..હો...! વાણીમાં, જાણ્યું એથી અનંતમે ભાગે, અનંતમે ભાગે વાણી આવે. એવા આત્માની શું આબરૂ! એવા આત્માનું અંદર ધ્યાન કરવું, એમ કહે છે. એ ફરી વારંવાર જન્મ નહિ ધારણ કરે. વસ્તુમાં જન્મ નથી એ વસ્તુનું ધ્યાન કરવાથી એને જન્મ મળશે નહિ. પછી માતાનું દૂધ નહિ પીવે.

'**આત્મા શરીર રહિત અમૂર્તિક છે. ઇન્દ્રિયો દ્વારા જણાતો નથી. મન પણ કેવળ વિચાર કરી શકે છે,...**' મન વિચાર કરી શકે '**ગ્રહણ કરી શકતું નથી. આત્માનું ગ્રહણ આત્મા દ્વારા જ થાય છે.**' પહેલી શરૂઆત. આત્માનું ગ્રહણ આત્મા દ્વારા જ થાય છે. '**એના ગ્રહણનું બાહ્ય સાધન ધ્યાનનો અભ્યાસ છે.**' લ્યો, ઠીક! બહુ તો ધ્યાનનો અભ્યાસ બાહ્ય સાધન થશે. એકાગ્ર થવાનો અભ્યાસ. બાહ્ય સાધનનો અર્થ પર્યાયને જરી એકાગ્ર કરે છે ને! કહો, સમજાણું કાંઈ? આહાહા!

'**વીતરાગભાવની શાંતરસથી ભરેલી ગંગા નદી વહેવા લાગી...**' અંદરમાં. '**કેવળ એક પોતાના જ શુદ્ધ અશરીરી આત્માને શરીર પ્રમાણે વિરાજિત અંતરમાં સૂક્ષ્મ ભેદવિજ્ઞાનની દૃષ્ટિથી જોવાનો ઉદ્યમ કરવો.**' શાંત.. શાંત.. વિકલ્પરહિત, રાગરહિત નિર્વિકલ્પ તત્ત્વને જોવાને નિર્મળ ગંગા વહાવે. નિર્મળ પરિણતિને પ્રગટ કરે. '**કેવળ એક પોતાના જ શુદ્ધ અશરીરી આત્માને...**' એક શરીર વિનાના આત્માને '**શરીર પ્રમાણે વિરાજિત...**' શરીર પ્રમાણે રહેલો (એટલે) એટલા ક્ષેત્રમાં રહેલો, એમ કહે છે. મોટો મહાન છે માટે મોટા ક્ષેત્રમાં રહ્યો છે એમ નથી. મોટો છે ભાવથી. ક્ષેત્રથી મોટો માટે મોટો છે એમ નથી. એવા અંતર સૂક્ષ્મ ભેદવિજ્ઞાનની દૃષ્ટિ. રાગથી રહિત ભિન્ન જોવાનો-દેખવાનો ઉદ્યમ કરે.

અંતર્મુખમાં જવાનો વારંવાર ઉપાય કરે. રાગથી, સંયોગથી, નિમિત્તથી આંખ્યું વીંચીને, વિકલ્પની આંખ્યું વીંચીને.. સમજાણું કાંઈ? આ (જડ) આંખ્યું વીંચ્યે શું થયું? એ તો આમ વીંચાય છે. મરી જાય ત્યારે આમ વીંચાય જાય છે. સમજાણું? આ તો વિકલ્પની વૃત્તિઓને વીંચીને અંતર નિર્વિકલ્પ ભગવાનઆત્મા, એમાં ટગટગી લગાવીને એમાં એકાકાર થવું એ અભ્યંતર મોક્ષનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? એ અભ્યંતર મોક્ષનો ઉપાય છે, બહાર છે નહિ. 'પ્રવચનસાર'માં કહ્યું ને? બાહ્ય સામગ્રી શું કરવા ગોતવા જાય છે? તારું બધું સાધન અંદર પડ્યું છે. આહાહા..! પણ માણસને કાંઈક કાંઈક કાંઈક ટેકો, વ્યવહાર આ હોય, આ હોય, આ હોય.. અને જ્યાં વ્યવહારની વાત આવે ત્યાં ટેકારૂપ છે, સહાયરૂપ છે, વ્યવહાર આલંબનરૂપ છે માટે ભગવાને બહુ કહ્યો છે. જુઓ! કહ્યો છે કે નહિ? કહ્યું છે શું? પણ એનું ફળ શું કહ્યું? ન્યાં ને ન્યાં રહે તો એનું ફળ સંસાર છે. સમજાણું કાંઈ?

'**એકાકી પોતાના આત્માના ગુણોનું ચિંતવન કરવું. એને જ આત્માની ભાવના કહે છે. ભાવના કરતાં કરતાં જ્યારે એકાએક મન સ્થિર થશે. આ જ આત્મિક અનુભૂતિ ધ્યાનાગ્નિ છે...**' લ્યો! આત્માનો અનુભવ ધ્યાનની અગ્નિ છે, ભડકો છે. એ કર્મઈંધનને બાળે છે. '**આત્માને શુદ્ધ સુવર્ણ સમાન શુદ્ધ બનાવશે.**' સોનું હોય છે ને? એમાં તાંબાની લાલપ હોય કે નહિ? ફૂંકી ફૂંકીને અગ્નિથી ઉજળું કરે છે ને? એમ ભગવાનઆત્મામાં રાગાદિ મેલ, એ સ્વરૂપના ધ્યાનની ફૂંક મારતો મારતો આત્માને કુંદન સમાન શુદ્ધ કરે. અંતર ધ્યાન કરે એ એની અંતર ક્રિયા છે. આહાહા! સમજાણું? વ્યવહાર મોક્ષમાર્ગ એ મોક્ષમાર્ગ નથી, એમ કહે છે. નિશ્ચય સ્વરૂપમાં એકાગ્ર થવું એ જ એનો મોક્ષનો માર્ગ છે. એ અભ્યંતર પોતાની પાસે છે, દૂર જરીયે નથી. વિકલ્પથી તો દૂર છે, આત્માથી બહાર છે, વિકલ્પ તો આત્માથી બહાર છે, એ કાંઈ અંદરમાં નથી. પછી એ સાધન-ફાધન (ક્યાંથી થાય)?

મુમુક્ષુ :- ગુરુ દેખાડે ને?

ઉત્તર :- દેખાડે ગુરુ, આત્મા પોતે ગુરુ મોટો

બેઠો છે (એ) એને દેખાડે. એ તો આવી ગયું નથી? 'સમાધિશતક'માં આવી ગયું, 'પૂજ્યપાદસ્વામી'(ના) 'ઇષ્ટોપદેશ'માં આવી ગયું, 'પરમાત્મપ્રકાશ'માં આવી ગયું છે. ઘણે ઠેકાણે આવ્યું છે. જે જેને સમજાવે તે તેનો ગુરુ. હે આત્મા! તું આનંદ છો, તું જ્ઞાન છો, તું પૂર્ણ છો, તું શુદ્ધ છો, તું અનાદિથી રખડ્યો છો. એવું જે સમજાવીને અંદર ઠરે એ ક્રિયા કરે એ એનો ગુરુ.

મુમુક્ષુ :- અભેદ થયું એમાં ગુરુ સાબિત કેવી રીતે થયા?

ઉત્તર :- કહે છે, એ તો અભેદ થઈ ગયો, એમાં ગુરુ સાબિત ક્યાં થયા? એક થઈ ગયું. એ એક થયું એમાં જ ગુરુ રહ્યા. આત્મા ગુરુ, એની પર્યાય-પ્રજા એના શિષ્ય. ઘણા વર્ષ પહેલાં, 'ઉત્તરાધ્યયન'નું પહેલું અધ્યયન છે ને? એમાંથી કહેતા. પહેલા એમાંથી કાઢતા. 'ઉત્તરાધ્યયન'નું પહેલું અધ્યયન 'વિનય અધ્યયન' છે. શિષ્ય છે એ વિનય કરે છે. પર્યાય આત્માનો વિનય કરે છે. આત્મા ગુરુ છે, શિષ્ય વિનય કરે છે. ભગવાનનો માર્ગ વિનયમાર્ગ છે, કીધું. એ..ઈ...! આવે છે ને 'ઉત્તરાધ્યયન'નું પહેલું (અધ્યયન). 'સંયોગાવિત્તમુક્ત' આવે છે. 'ઉત્તરાધ્યયન'નું પહેલું (અધ્યયન). શિષ્ય વિનય કરે, વિનય. આત્માની પર્યાય અંદર દ્રવ્યને બહુમાન આપે. એના ઉપર નજર કરે. એ આત્મા ગુરુ અને પર્યાય શિષ્ય છે. લ્યો, બે થઈ ગયા. એમ તો નામભેદે ભેદ છે, લક્ષણભેદે ભેદ છે, ભાવભેદે ભેદ છે, પ્રદેશભેદે અભેદ છે.

ભગવાનઆત્મા..! બે ધર્મ ગણ્યા છે ને? એક પર્યાયધર્મ અને એક દ્રવ્યધર્મ. બે ધર્મ ગણ્યા છે. દ્રવ્યધર્મ કાયમી અસલી તત્ત્વ છે. પર્યાયધર્મ ક્ષણિક છે. કારણ કે જેટલું કાર્ય થાય એ પર્યાયથી થાય છે. પર્યાયથી થાય છે, ગુણથી-દ્રવ્યથી થતું નથી. પણ જેનો આશ્રય લ્યે છે તે પર્યાય નથી. આશ્રય લ્યે છે તે દ્રવ્યનો. આધાર એનો એટલે ગુરુ ઈ થયો.

મુમુક્ષુ :- ગુરુના આધાર વિના પર્યાય થાય?

ઉત્તર :- ન થાય, ગુરુના આધાર વિના પર્યાય ક્યાંથી થાય? આત્માના આધાર વિના ન થાય, એમ. કહો, સમજાણું આમાં?

**'સમાધિશતક' માં કહ્યું છે, મનુષ્યો સાથે વાત કરવાથી મનની ચંચળતા થાય છે,...'** આ તો એકાગ્રતા કેમ કરવી એનો ખુલાસો કરે છે. **'પછી મનમાં ભ્રમ થાય છે...'** આને શું કહું? આને આમ કહું. (એમ) ત્યાં રોકાવું પડે. **'યોગીએ મનુષ્યોનો સંગ છોડવો જોઈએ,...'** ભગવાનઆત્માને સાધનાર એકાંતમાં જેમ બને તેમ પોતાના સ્વરૂપને સાધે. બીજા વળી કો'ક પૂછે, વળી એનો જવાબ આમ થાય, કે એમ ન હોય, હા. ના.. (કરતાં) રોકાવું પડે અને પોતાની એકાગ્રતામાં ખલેલ પહોંચે. બીજો સમજે નહિ તો એના ઘરે રહ્યો. આ વ્યવહાર-નિશ્ચયના ઝગડા, નિમિત્ત-ઉપાદાનના ઝગડા અને ક્રમબદ્ધના ઝગડા. પાંચ બોલના ઝગડા છે. પાંચ સમજે તો એ પરમેશ્વરને સમજે, લ્યો! આહાહા..! ઝગડા ઊભા કર્યા. એમાં રોકાવું પડે. શરીર માટે રોકાવું પડે. કહો, સમજાણું? કહે છે કે, એ બધા પરસંગ માટે.. એ પરસંગ છે ને? એને ખવરાવવું ને પીવરાવવું ને દવા ને ચોપડવું ને... કહો, સમજાણું કાંઈ? એ વિકલ્પનો પરસંગ છે.

મુમુક્ષુ :- એકાંતમાં જાય તો વિકલ્પ તૂટી જાય.

ઉત્તર :- એકાંતમાં જાય તો તો અંદરમાં (વિકલ્પ) તૂટી જાય. એકાંત એટલે આત્મા, બીજો એકાંત ક્યો હતો? જંગલમાં શું છે? જંગલમાં ઘણા કાગડા કો.. કો.. કર્યા કરે છે. જંગલ અહીં અંદર છે, જંગલ અહીં પડ્યું છે. ભગવાનઆત્મા શૂન્ય છે. રાગથી શૂન્ય છે. અંતર ગુફામાં ધ્યાન કર, એવું શાસ્ત્રમાં આવે છે. આવે છે ને ૪૯ ગાથામાં? 'જયસેનાચાર્યદેવ'માં. આ અહીં ઈ કહે છે. સમજાણું કાંઈ? લ્યો!

હવે ૬૧. **'નિર્મોહી થઈને પોતાના અમૂર્તિક આત્માને જુઓ.'** અહીં તો સારમાં સાર ફેરવી ફેરવીને વાત બીજી લ્યે છે.

**असरीरू वि सुसरीरु मुणि इहु सरीरु जडु जाणि।**
**मिंच्छा-मोहु परिच्चयहि मुत्ति णियं वि ण माणि।।६१।।**

**'પોતાના શરીર રહિત આત્માને જ ઉત્તમ**

**જ્ઞાન શરીરી સમજો.**' જોયું? પોતાના '**असरीरू**' આત્મા શરીર રહિત. '**सुसरीरु**' પણ જ્ઞાનશરીર સહિત. '**सुसरीरु**' છે ને? ઉત્તમ જ્ઞાનશરીર, એમ.

મુમુક્ષુ :- સુશરીર.

ઉત્તર :- હા, સુશરીર છે. આ શરીરરહિત પણ સુશરીર સહિત. સુશરીર નામ ઉત્તમ જ્ઞાન. ચૈતન્ય પરમભાવ, ચૈતન્યનો આત્માનો પરમભાવ એ એનું શરીર છે.

'**इहु सरीरु जडु जाणि**' આ શરીરને જડ જાણ. સમજાણું? '**પુદ્‌ગલ રચિત શરીરને જડ અને જ્ઞાનરહિત જાણો. મિથ્યા મોહનો ત્યાગ કરવો.**' એક વાર જડ (ઉપરથી) દૃષ્ટિ ખસેડી. અને પર તરફનો મિથ્યા મોહભ્રમણા. કાંઈક પરમાં ઠીક થાય તો ઠીક પડે, આમ થાય તો આમ પડે, પ્રતિકૂળતા ટળે તો ઠીક પડે, અનુકૂળ એકાંત જગ્યા (હોય), સંસાર છોડીને બહાર હોઉં તો મને ઠીક પડે, એ બધો મોહ છે, કહે છે. સમજાણું કાંઈ? જ્યાં બેઠો ત્યાં જંગલ છે. તને ખબર નથી. '**મિથ્યા મોહનો ત્યાગ કરવો. મૂર્તિક એવા આ શરીરને પણ પોતાનું ન માનો.**' એમ. સમજાણું? આ શરીર મૂર્તિક છે ને? ભગવાન અમૂર્તિક છે. આ જડ છે, આ ચૈતન્ય છે.

'**આત્મધ્યાનના સાધકને માટે ઉચિત છે કે તે પોતાને કેવળ જડ શરીર રહિત એક જ્ઞાન શરીરી શુદ્ધ આત્મા સમજે.**' કહો. અને '**પુદ્‌ગલ પરમાણુઓથી રચિત શરીરને એક પાંજરૂં અથવા કારાગાર સમજે.**' આ શરીર પોપટને રાખવાનું પીંજરૂં છે. સમજાણું? આ કારાગાર છે. પોપટ ભલે ગમે એવો ચતુર હોંશિયાર (હોય) પણ કારાગારમાં પડ્યો હોય તો ઊડી શકતો નથી. પોતે પડ્યો છે, હોં! કારાગાર એને રાખતું નથી. કારાગાર સમાન છે. એની પર્યાયમાં પોતાની યોગ્યતા રોકવાની છે ને? એને કારાગાર સમાન જાણ. કહો, સમજાણું કાંઈ? '**પોતાનું સર્વસ્વ શ્રેય પોતાના જ આત્મામાં જોડે.**' પોતાનું બધું શ્રેય તે આત્મામાં જોડી દે. જેટલી હિતની ક્રિયા કરવાની હોય એને પોતાને આત્મામાં જોડવાની છે. '**સર્વ પર તરફથી પ્રેમ દૂર કરે.**' લ્યો! પરથી પ્રેમને છોડી દે વગેરે ઘણી વાત કરી છે.

'**જ્યાં સુધી સમ્યક્ત્વ થતું નથી ત્યાં સુધી તે આ દેહનું અને દેહના સુખનું અભિનંદન કરે છે.**' જ્યાં સુધી આત્માના શુદ્ધ ચૈતન્યની પ્રતીતિ, આનંદ સ્વરૂપ છું, આત્મા આનંદ અને અતીન્દ્રિય સુખથી ભરેલો છું, એવી શ્રદ્ધા અને જ્ઞાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી દેહ અને દેહના સુખનું અભિનંદન કરે છે. દેહ ઠીક હોય તો ઠીક અને દેહને અનુકૂળ હોય તો ઠીક, એની એ બુદ્ધિ જતી નથી. શું કીધું, સમજાણું?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ છે એવી સમ્યગ્દૃષ્ટિ ન થાય ત્યાં સુધી શરીર અને શરીરના સાધનને અભિનંદન ટેકો આપે છે. આવું હોય તો ઠીક, આ હોય તો ઠીક, આ હોય તો ઠીક, પણ હું હોઉં તો ઠીક એમ માનતો નથી. સમ્યગ્દૃષ્ટિ પોતાના આત્માના સ્વભાવમાં આનંદ માને છે, જોવે છે, અનુભવે છે. એથી શરીર અને શરીરના સાધનમાં ક્યાંય એનો ટેકો (કે) અભિનંદન નથી. અભિનંદન કહ્યું છે ને? શરીર નિરોગ રહે તો ઠીક એ દેહનું અભિનંદન છે. એ અભિનંદન સમકિતીને હોતું નથી, મિથ્યાદૃષ્ટિ અભિનંદન આપે છે. હાશ... છ મહિનાથી રોગી હતા, હવે મટ્યા. હાશ.. આ હતા. પણ રોગ તો તારો ભ્રમણા હતો, એ ટાળ્યો હવે તારે આનું શું કામ છે? હેં? એમ કહે છે, હોં!

દેહ અને દેહના સુખના અભિનંદન, એમ. સારા આહાર-પાણી, સારા પાણી, સારા સૂવાના, સારા બેસવાના, સારા ખાટલા, પાથરવાના સારા પાતરા એ હોય તો ઠીક. ઠીક એ અભિનંદન આત્મામાં આનંદ છે એવું ભાન અને પ્રતીતિ નથી ત્યાં સુધી એને આ ઠીક, એવું એને ખસતું નથી. સમજાણું કાંઈ? પોતે તો ભગવાનઆત્મા છે, જેમાં અતીન્દ્રિય આનંદ પૂરો પડ્યો છે. એની જ્યાં દૃષ્ટિ થઈ (ત્યાં) હવે આ ઠીક, રહ્યું ક્યાં? અજ્ઞાની તો હાશ.. (કરે). શ્વાસ લેવાનો હવે વખત મળ્યો, હવા-પાણી મળ્યા કાંઈક, હાશ... ગરમી.. ગરમી.. ગરમી.. ગરમી હતી. બહારના સાધન. ઠંડી, બહુ ઠંડી, બહુ ઠંડી... આહાહા...! ત્રણ દિ' થી તો ઠંડી.. ઠંડી.. ઠંડી.. ઠંડી.. ઠંડી. શરીરના બહારના સુખમાં ઠીક, ઠીક

આ ઠંડી ગઈ તો ઠીક પડ્યું. હવે ઠંડી ઓછી થઈ. એ ઠીકનું પરમાં સુખનું એટલે અનુકૂળતામાં ઠીકનું અભિનંદન મિથ્યાદષ્ટિને હોય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બોલતા પહેલા બહુ વિચાર કરવો પડે એવું છે.

ઉત્તર :- બોલતા પહેલા હોય? ભાવમાં (જાગૃતિ રહેવી જોઈએ). બોલવાનું શું? બોલે કોણ? પણ એ તો ભાષા થઈ, ભાષામાં શું છે? ભાવમાં એને આ ઠીક (થયું) તો આ (આત્મા) ઠીક ન રહ્યો. આત્મા આનંદમૂર્તિ છે એવી દષ્ટિ થઈ એને બહારના આ દેહ અને દેહના સાધનમાં ઠીક, અનુકૂળ હોય તો ઠીક, અનુકૂળતાનો અર્થ શું? એ તો જ્ઞેય છે. સમજાણું કાંઈ? ભૂખ લાગી હતી ને સારું ખવાણું, હોં! ઠીક ખવાણું. એવો ભાવ અંદરની વાત છે. બહારની ક્યાં (વાત છે)? એ વાત તો અજ્ઞાની પણ બોલે, આમ છે, તેમ છે. ભાવમાં ઓલું ઘૂંટણ થયું છે. આ (આત્મા) આની કોર છે એમ ખબર નથી. અતીન્દ્રિય આનંદનો કંદ પરમાત્મા છું, એવી દષ્ટિ થઈ તેને દેહ અને દેહના સુખસાધનમાં અભિનંદન રહેતું નથી. મુબારક રહેજો આવું, એમ નથી કહેતા? આ પાસ થાય ત્યારે અભિનંદન આપે ને? હેં? અભિનંદન આપે ને? શું કહેવાય? ભાઈ! આ ભણે ત્યારે શું કહેવાય, પાસ થાય ત્યારે? મુબારકબાદી. એમ અજ્ઞાની શરીર અને શરીરના સુખના મુબારકબાદી આપે છે.

ધર્મી, આત્મા આનંદમૂર્તિ છે એવી પ્રતીત અને ભાન થયા એ બહારના શરીર અને શરીરના સાધનોમાં મુબારકપણું માનતો નથી. આહાહા..! એક કોર રામ અને એક કોર ગામ. ભગવાન રામની-આત્માની જ્યાં દષ્ટિ થઈ, એ તો સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન હું છું, હું તો જ્ઞાન અને આનંદનો કંદ છું. મારા આત્મામાં અતીન્દ્રિય આનંદની ખાણ છે. એવી શ્રદ્ધા સમ્યગ્દર્શન, સ્વભાવ સન્મુખ થઈને થયું (તે) બાહ્યના કોઈપણ સાધનને ઠીક છે એવું માનવાનું અભ્યંતરમાં રહ્યું નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મિથ્યાદષ્ટિ ઈન્દ્રિય વિષયના ભોગનો લોલુપી છે, એમ. સમજાણું? તીવ્ર લાલસા રાખે એમ ઘણી બધી વાત કરે છે. '**તે મળે ત્યારે હર્ષ અને ન મળે ત્યારે વિષાદ કરે છે, વિયોગ થતાં શોક કરે છે. જેમ જેમ મળે છે તેમ તેમ અધિક તૃષ્ણાની બળતરા વધારી શકે છે.**' જેમ પૈસા મળે, બાયડી મળે, છોકરા મળે, અનુકૂળ મળે, મકાન મળે, ઠીક મળે, કપડા મળે, સૂવાના, ઓઢવાના, હવા-પાણીના બધા ચારે કોર.. આમ.. ઓ..હો..હો...! ત્યાં તો એને અંદર હા..શ... (થઈ જાય). અત્યારે હવે બાદશાહી છે. મૂરખની બાદશાહી, એમ કહે છે. અને જ્ઞાનીની બાદશાહી આત્મામાં છે, એમ કહે છે. એ આનંદ છે, આનંદ છે એ જ આત્મા, બીજો આનંદ ક્યાંય છે જ નહિ. એને બહારમાં અભિનંદન ટેકો આપવો એ રહ્યું નહિ. અજ્ઞાનીને અંતરના આનંદની ખબર નથી એટલે બહારનો ટેકો આપ્યા વિના રહેશે નહિ.

'શરીરે સુખી તો સુખી સર્વ વાતે' લ્યો! આવે છે કે નહિ? ભાઈ બહુ બોલે છે અમારે. કેમ થયું? હવે ક્યાં સુધી રહેશે ઈ? 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે.' એ ગોખી રાખ્યું છે. એનો અર્થ કે, 'શરીરે દુઃખી તો દુઃખી સર્વ વાતે.' એમ. પૈસા હોય, છોકરા હોય તોપણ દુઃખી છીએ. ધૂળમાંય બહારમાં સુખ-દુઃખ નથી, મફતનો ટેકો આપે છે. રહેવા યોગ્ય ચીજ નથી એને ટેકો આપે છે. સમજાણું? એ રહેવા યોગ્ય ચીજ નથી, એને અભિનંદન આપે છે કે, ઠીક થયું, રહેજો, રહેજો, રહેજો. મૂઢ અનિત્યને રહેજો કહે છે. અનિત્યને રહેજો એ માન્યતા મિથ્યાદષ્ટિની છે. આહાહા..! સમજાણું?

મિથ્યા મોહ પરિચય. શબ્દ પડ્યો છે ને? એની બધી વ્યાખ્યા છે, હોં! મિથ્યા મોહ છે ને? એની વ્યાખ્યા છે, હોં! ભગવાન આત્માનું શરીર-જ્ઞાનશરીર છે એમ જ્યાં ભાન થયું પછી મિથ્યામોહનો ત્યાગ થયો. મિથ્યામોહનો ત્યાગ ન હોય તો આ રીતે તે માને છે. આહાહા..! અરે..! એક રાગની શુભની વૃત્તિ આવે એને પણ અભિનંદે એને મિથ્યામોહ છે. આહાહા..! કેમકે ભગવાન તો જ્ઞાનશરીરી છે, પ્રભુ તો ચૈતન્યશરીરી છે, એના આનંદ અને એના ઠીકને ન માનતા આવા ઠીકને માને એ મિથ્યામોહ છે. માટે છોડ. મોહ પરિચયી.

સમજાણું?

શરીર મૂર્ત (છે), રાગાદિ બધું મૂર્ત છે એને પોતાનું જાણે નહિ, એમ છે ને? એ શરીરને પણ પોતાનું માને નહિ. જેટલું બધું મૂર્ત સ્વરૂપ છે એ પોતાનું જાણતો નથી. ચોથો બોલ છે ને? શ્લોકનો ચોથો બોલ છે. **'વર્તમાન જીવનની ચિંતામાં જ ફસાઈ જાય છે. જો કદાચિત્ દાન, ધર્મ, તપ, જપ કરે છે તો પણ તેના ફળમાં વર્તમાનમાં યશ, ધન, સંતાન અને ઈચ્છિત વિષયનો લાભ ચાહે છે.'** ઓલી વસ્તુની તો ખબર નથી એટલે ભાવના તો છે નહિ. એટલે મિથ્યાદષ્ટિ દાન આપે, ધર્મ એટલે કોઈ પુણ્ય કરે, તપ કરે, જપ કરે તો તેના ફળમાં વર્તમાનમાં યશ (ચાહે છે). દુનિયા સારો કહે છે કે નહિ? દુનિયામાં કંઈ મળશે કે નહિ આમાં? સંતાન મળશે કે નહિ? દીકરો થાશે કે નહિ? ઈચ્છિત વિષયનો લાભ. ધાર્યા ભાવના પગાર મળશે કે નહિ? એટલી પેદાશ થશે કે નહિ? દુકાન સરખી ચાલશે કે નહિ? બધું ધર્મને બહાને આવી ભાવના હોય.

**'કદાચિત્ પરલોકનો વિશ્વાસ થયો...'** લ્યો ને! એને કહે છે. આવા દાનાદિ કરતો હોય **'તો દેવગતિના મનોજ્ઞ ભોગોની તૃષ્ણા રાખે છે.'** ત્યાં સારા ભોગ મળે, સારો દેવ થાઉં, હલકો નહિ, વ્યંતર ને જ્યોતિષ નહિ. મોટો દેવ થાઉં એવી તૃષ્ણા રહે. સમજાણું કાંઈ? **'તેના મન, વચન, કાયાનું બધું વર્તન સાંસારિક આત્માના મોહ ઉપર આધાર રાખે છે.'** ઓલું મિથ્યા મોહ પરિચયી છે ને? એની વ્યાખ્યા કરી છે.

**'અંદરનો પ્રેમ એક આત્માનંદ પ્રત્યે જ રહી જાય છે. આ જ સમ્યગ્દષ્ટિ જીવ નિશ્ચિંત થઈને જ્યારે ઇચ્છે ત્યારે સરળતાથી આત્માની અંદર સર્વ શરીરોથી ભિન્ન જ્ઞાનાકાર જોઈ શકે છે.'** ભગવાનઆત્મા, એની જ્યાં સમ્યગ્દર્શનથી પ્રાપ્તિ થઈ, સમ્યગ્દર્શનથી પ્રાપ્તિ થઈ, મિથ્યાદર્શનમાં તો વિકાર અને સંયોગની પ્રાપ્તિ હતી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં અંતર્મુખની પ્રાપ્તિ થઈ એથી એને નિશ્ચિંત થઈને જ્યારે ઇચ્છે ત્યારે આત્માનું ધ્યાન કરી શકે છે. આત્માને પકડ્યો છે કે, આ આત્મા. શુદ્ધ ચૈતન્ય અનુભવમાં આવી ગયો છે. જ્યારે વલણ કરવા માગે ત્યારે વલણ કરીને આત્માનો અનુભવ કરી શકે છે. સમજાણું?

**'તેને પોતાપણું પોતાના જ આત્મામાં રહે છે,... ચારિત્ર મોહના ઉદયથી રોગી સમાન કડવી દવા પીતો હોય તેમ લાચાર થઈને વિષય ભોગ કરે છે...'** લાચાર થઈ કડવી દવા જેમ પીવી પડે, એમ સમકિતીને વિષયના વિકલ્પમાં જોડાવું પડે છે. કડવી દવા પીતો હોય, મહા કડવી. મોઢું આમ થઈ જાય. સમજાણું કાંઈ? એમ મોઢું અંદરમાંથી ફરી જાય છે, કહે છે. આહાહા..! ભોગની વાસના ઝેર જેવી લાગે. સમજ્યા ને? કડવી દવા જેવી લાગે. **'પણ ભાવના તેના ત્યાગની જ રહે છે.'** આ ક્યારે છૂટે? ક્યારે છૂટે પુરુષાર્થથી? એમ ભાવના રાખે છે. કહો, સમજાણું?

**'દષ્ટિમાં ગ્રહણ યોગ્ય એક નિજ સ્વરૂપ જ રહે છે. સમ્યગ્દર્શનનો ધારક જ આત્માના દર્શન અંદર કરી શકે છે.'** લ્યો! અજ્ઞાની વારંવાર રાગ અને પરનું દર્શન કર્યા કરે, પરને જ દેખે છે, એમ કહે છે. મિથ્યાદષ્ટિ રાગને, વિકારને, શરીરને, આની અનુકૂળતા બહાર પર્યાયની એને જ દેખ્યા કરે છે. સમ્યગ્દષ્ટિ આત્માને પ્રતીત (થઈ છે), શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ દષ્ટિમાં, અનુભવમાં આવ્યો એવો જ આત્મા વારંવાર અનુભવમાં લ્યે, એવી દષ્ટિ એની હોય છે. કહો, સમજાણું? એ પછી એક દાખલો આપ્યો છે.

ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ફેબ્રુઆરી–૨૦૧૯)નું શુલ્ક
શ્રી શ્યામસુંદર દીપપ્રકાશ જૈન, અમદાવાદ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે,
જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા**
**પરમાગમસાર ગ્રંથના**
**બોલ-૩૪૪ ઉપર થયેલ ભાવવાહી**
**પ્રવચન, તા. ૨૯-૮-૧૯૮૩,**
**પ્રવચન નં. ૧૬૯**
**(વિષય : ભેદજ્ઞાન)**

**જ્ઞાયક ધ્રુવ નિત્યાનંદ પ્રભુને દેખનારાઓ ભૂતાર્થદર્શીઓ છે. પણ શાસ્ત્રને દેખનારા કે એક સમયની પર્યાયને દેખનારાઓ ભૂતાર્થદર્શી છે-એમ કહ્યું નથી. પૂર્ણાનંદના નાથ પ્રભુને પોતાની બુદ્ધિથી એટલે કે સ્વચૈતન્ય તરફ વળેલી જ્ઞાનદશારૂપ મતિજ્ઞાન વડે ભગવાન જ્ઞાયકરૂપ છે અને રાગ આકુળતા સ્વરૂપ છે એમ બેનો વિવેક કરીને-ભેદજ્ઞાન કરીને અંતરના પુરુષાર્થ દ્વારા જ્ઞાયકને આવિર્ભૂત કરીને આત્માને જ્ઞાયકપણે અનુભવે છે. ૩૪૪.**

***ગતાંકથી ચાલુ...***

... એને મન તો છે નહિ, એકેન્દ્રિય જીવને મન તો છે નહિ. મન તો પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન. પંચેન્દ્રિય પછી હોય. સર્વ પંચેન્દ્રિયને મન નથી. એ પછી એથી નીચે ચાર ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, બે ઇન્દ્રિય, એકેન્દ્રિયને તો મન હોવાનો સવાલ ઊભો થતો નથી. એટલે બુદ્ધિપૂર્વકનો ત્યાં કોઈ પુરુષાર્થ નથી. કષાયની ઘણી મંદતા થાય છે, અબુદ્ધિપૂર્વક થાય છે. એટલે કષાયની મંદતાનો જે અહીંયા પ્રયત્ન કરે છે, એને શાસ્ત્રકાર એમ કહે છે, જ્ઞાનીઓ એને એમ કહે છે કે ભાઈ! કષાયની મંદતાનો પુરુષાર્થ તો એકેન્દ્રિય નિગોદનો જીવ અબુદ્ધિપૂર્વક કરે છે. તેં શું વિશેષ કાર્ય કર્યું?

જેમ માણસ કહે ને? કે કુંટુંબ-પરિવાર છે એનું પાલનપોષણ તો તિર્યંચ પણ કરે છે. ચકલી પણ ચકલીના બચ્ચાને ખવડાવે છે. ભૂંડણી ભૂંડના બચ્ચાને ખવડાવે છે અને ધવડાવે છે. તેં શું વિશેષ કર્યું મનુષ્ય થઈને? એમ અહીંયા કહે છે કે કષાયની મંદતા તો નિગોદનો કરીને મનુષ્ય થાય છે. તેં મનુષ્ય થઈને કષાયની મંદતા કરીને શુભભાવ કર્યા તો તેં નવું શું કર્યું એમાં?

મુમુક્ષુ :- મનુષ્યપણામાં કષાયની મંદતા થાય તો એની શું વિશેષતા છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો નિગોદનો જીવ કરે છે, એકેન્દ્રિય કરે છે, એમાં તેં શું નવીન કર્યું? એ કોઈ વિશેષ વાત નથી. એ બંધનો ભાવ છે. અનાદિથી બંધનો ભાવ તો તું કરતો આવે છે. પછી મનુષ્યપર્યાયનો બંધ કર... બંધ સામાન્ય છે. એક મોક્ષનો ભાવ કરે, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે ત્યારે એણે કોઈ વિશિષ્ટ કાર્ય કર્યું. ત્યાં સુધી કાંઈ વિશેષતા ગણવી જોઈએ નહિ. એ એનું તાત્પર્ય છે.

એટલે એમ કહે છે કે **'પોતાની બુદ્ધિથી...'** પોતાના જ્ઞાન દ્વારા, મતિજ્ઞાન દ્વારા ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે એમ રાગ અને આકુળતાથી જુદો પાડે, ચાલતો રાગ

તે આકુળતાસ્વરૂપ છે એમ બેનો વિવેક કરીને, એક મલિન છે અને એક પવિત્ર છે એમ અંતરંગમાં એનો વિવેક કરીને, એનાથી હટીને, જુદો પડીને ભેદવિજ્ઞાન કરવું. એટલે ભેદ એટલે જુદો પડીને અંતરના પુરુષાર્થ દ્વારા સ્વરૂપ પ્રત્યેના વલણવાળા જોરથી જ્ઞાયકને આવિર્ભૂત કરીને-પ્રગટ કરીને, જ્ઞાયકને પ્રગટ કરીને આત્માને જ્ઞાયકપણે અનુભવે છે. એ રીતે પુરુષાર્થપૂર્વક આત્માને જ્ઞાયકપણે અનુભવે છે. એમ ન કહ્યું કે જો કર્મ ખસે તો અનુભવ કરે અને નહિતર ન કરે. પુરુષાર્થ કરે ત્યારે કર્મને ઉપશમાવે છે. એ ઉપશમે છે ત્યારે ઉપશમાવે છે એમ આરોપ કરવામાં આવે છે.

જો પોતે નિર્બળ હોય તો કર્મનું જોર છે એમ કહેવામાં આવે છે. પોતાનો પુરુષાર્થ હોય તો કર્મને હરાવે છે એમ કહેવામાં આવે છે. એ અરસ-પરસ કહેવાની વાત છે. તારામાં અનંત શક્તિ છે અને એ શક્તિને સંભાળ, એ શક્તિને પ્રગટ કર, એ શક્તિનો ઉપયોગ કર તો તને તારી સિદ્ધિમાં કોઈ રોકી શકે એવું નથી. આ સીધી વાત છે. એક પરમાણુની પર્યાયને કોઈ ફેરવી શકતું નથી. કેમકે એનામાં અનંત શક્તિ છે. એમ તારી પર્યાયને કોઈ ફેરવી શકતું નથી. કેમકે તારામાં અનંત શક્તિ છે. જેનામાં શક્તિ છે એને બીજો શું કરે?

વળી કોઈ પદાર્થમાં કોઈ પદાર્થનું કાર્ય કરવાની શક્તિ જ નથી ત્રણે કાળે. એટલે એ ભય રાખવો વ્યર્થ છે કે કોઈને કારણે કાંઈ કાર્ય થાય છે. એ તો પ્રશ્ન જ રહેતો નથી. પણ રાગ અને વિકલ્પને લઈને, રાગને લઈને કાર્ય થાય છે એ વાત પણ રહેતી નથી. પૂર્વપર્યાયને લઈને બીજી પર્યાયનું કાર્ય થાય છે એ વાત પણ રહેતી નથી. એટલે એણે પોતાના વર્તમાન પુરુષાર્થને જ જાગૃત કરવો રહ્યો. એટલી ચોખ્ખી વાત એમાંથી નીકળે છે. એને નિરાલંબ પુરુષાર્થ કહેવામાં આવ્યો છે.

નિરાલંબ પુરુષાર્થ એટલે? કોઈનું અવલંબન ન લે. પૂર્વપર્યાયનું ન લે, રાગનું ન લે, નિમિત્તનું ન લે એને નિરાલંબ પુરુષાર્થ કહે છે. કાલે ચર્ચામાં એ વાત ચાલીને. નિરાલંબમાં વાત આવતી હતી 'બહેનશ્રી' સાથે. નિરાલંબ ... અહીંયાં એ શબ્દ વાપર્યો છે. ૩૦૪ છે. ૮૨ પાને.

**'આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ!-એમ નિરાલંબનપણે કોઈના આધાર વિના...'** એને નિરાલંબન અહીં કહે છે. **'કોઈના આધાર વિના અદ્ધરથી...'** એમ. તે જ કાળનો બસ પુરુષાર્થ કામ કરે છે. અદ્ધરથી કામ કરે છે એમ લઈ લીધું જોયું! પહેલા આટલું કાર્ય કર્યું હતું માટે થયું. વિકલ્પ કર્યો હતો આત્માનો માટે પુરુષાર્થ થયો. એ કાંઈ વાત છે નહિ. અદ્ધરથી ચાલે છે. એ જ કાળે સ્વતંત્ર કાર્ય ઉત્પન્ન થાય છે. એણે આગળ-પાછળ ક્યાંય જોવાનું રહેતું નથી. નિમિત્ત ઉપરની દૃષ્ટિ નહિ, રાગ ઉપરની દૃષ્ટિ નહિ, પૂર્વપર્યાય ઉપરની દૃષ્ટિ નહિ. સીધી જ્ઞાયક અનંત શક્તિના પિંડ ઉપર જેની દૃષ્ટિ છે એને પુરુષાર્થ ફાટીને બહાર આવે છે. જેમ પાતાળ ફાટીને પ્રવાહ બહાર આવે એને કોઈ રોકી શકતું નથી. એ નિર્વિકલ્પ થયા પહેલાં એવી દશા છે. એ વિષય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નિરાલંબ પુરુષાર્થ છે અને એ નિરાલંબ પુરુષાર્થમાં હેટલી હદે તીવ્રતા, ઉગ્રતા થાય કે વીતરાગી સ્વરૂપના આવિર્ભાવમાં, એવો એક ભાવ ભાવાન્વિત થાય કે બુદ્ધિપૂર્વકના રાગની ઉત્પત્તિ જ ન થાય ત્યારે એને નિર્વિકલ્પ કહે છે. વિકલ્પ છે એ બુદ્ધિપૂર્વકનો રાગ છે. ત્યારે એને નિર્વિકલ્પ દશા કહેવામાં આવે છે. પુરુષાર્થ તો સમ્યક્ સન્મુખ થયો ત્યારથી ચાલે છે. ભેદજ્ઞાન છે, ભેદજ્ઞાનના પ્રયોગરૂપ અભ્યાસ છે. એ અભ્યાસમાં પુરુષાર્થ છે, પણ એ મંદ પુરુષાર્થ છે ત્યાં સુધી વિકલ્પ મટતો નથી. એ જ પુરુષાર્થ તીવ્ર થાય છે, જે સમયે તીવ્ર થાય છે તે સમયે વિકલ્પની બુદ્ધિપૂર્વકના રાગની ઉત્પત્તિ થતી નથી. જ્યાં સુધી ઉત્પત્તિ થતી હતી ત્યાં સુધી એનો અનુભવ થતો હતો. જ્યારે ઉત્પત્તિ જ ન થઈ ત્યારે એનો અનુભવ થવાનો પ્રશ્ન રહેતો નથી. ત્યારે અનુભવ રહે છે. પણ વિકલ્પ નથી એટલે વિકલ્પનો અનુભવ નહિ હોવાથી તેને નિર્વિકલ્પ અનુભવ કહેવામાં આવે છે. અનુભવ તો સર્વ કાળે છે. વિકલ્પકાળે વિકલ્પનો, વિકલ્પના અભાવકાળે

નિર્વિકલ્પનો. નિર્વિકલ્પ સ્વરૂપ છે ત્યારે. એટલું જ નહિ નિર્વિકલ્પ સ્વરૂપનો આવિર્ભાવ છે. એ આવિર્ભાવ નિર્વિકલ્પભાવે પહોંચે છે ત્યારે વિકલ્પનો સદ્‌ભાવ રહેતો નથી એને નિર્વિકલ્પ અનુભવ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એકવાર નિર્વિકલ્પ થઈ ગયા પછી ફરી વાર વિકલ્પમાં આવવા માટે પ્રેરે કોણ?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ નહિ. એટલે તો કહ્યું છે કે એને નિર્વિકલ્પ કારણ અને વિકલ્પ કાર્ય કહેશો? શું કહેશો?

મુમુક્ષુ :- એનું કારણ નથી માટે કાર્ય નથી થતું એમ થયું?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. કારણ-કાર્ય નિશ્ચયથી નિયમ વગર. પછી એમ જોડવામાં આવે છે કે જઘન્ય પુરુષાર્થ છે તે એને વિકલ્પમાં આવવાનું કારણ છે. ચોથા ગુણસ્થાને પુરુષાર્થ થયો તે જઘન્ય હતો. એ જઘન્ય પુરુષાર્થ છે એ એની નબળાઈ છે, એની અશક્તિ છે એને લઈને પાછો બુદ્ધિપૂર્વકનો રાગ શરૂ થાય છે. છતાં, ઉપયોગની વિષમ વ્યાપ્તિ થવા છતાં સમ્યગ્દર્શનની વ્યાપ્તિ રહે છે. સમ્યગ્દર્શનને અને ઉપયોગને સર્વ કાળે સમવ્યાપ્તિ નથી. જ્યારે સમ્યગ્દર્શન પ્રગટે છે ત્યારે સમ્યગ્દર્શન-શ્રદ્ધાન પણ આત્માનું અને જ્ઞાન પણ આત્માનું. પણ શ્રદ્ધાન રહી જાય છે અને ઉપયોગની વિષમ વ્યાપ્તિ થાય છે. પંચાધ્યાયીનો વિષય છે.

એ વિષમ વ્યાપ્તિ થાય છે ત્યારે શું છે કે ઉપયોગ પરસત્તાને અવલંબે છે, શાસ્ત્રમાં જાય છે, અશુભ વિષયમાં જાય છે સમ્યગ્દૃષ્ટિને. પણ સમ્યગ્દર્શન ખસતું નથી. અને ત્યારે પણ જ્યારે પુરુષાર્થ વધે છે ત્યારે એ નિર્વિકલ્પતામાં આવે છે. એ પુરુષાર્થ ચોથા ગુણસ્થાનના તબક્કામાં ને તબક્કામાં વધીને રહે છે ત્યાં સુધી નિર્વિકલ્પતા ચોથા ગુણસ્તાન પર્યંતની છે. તે ઘણું તીવ્ર થઈને એ તબક્કાથી આગળ વધીને જાય છે ત્યારે પાંચમાં ગુણસ્થાનમાં આરૂઢ થાય છે. પાંચમા ગુણસ્થાનમાં આરૂઢ થયા પછી પણ વારંવાર નિર્વિકલ્પતા પાંચમા ગુણસ્થાનને યોગ્ય પણ આવે છે. ઘણી વીતરાગતા અને ઉદાસીનતા ત્યાં વધે છે ત્યારે એને ખ્યાલ આવે છે કે હવે હું ગૃહસ્થને લાયક પરિસ્થિતિમાં રહી શકું એ મારા પરિણામ નથી. ગૃહસ્થને લાયક જે વિકલ્પો થાય છે એ વિકલ્પો આ આત્મા હવે ચલાવી શકે તેમ નથી. ત્યારે એને દીક્ષા અંગીકાર કરવાનો, સર્વસાવદ્યયોગનો ત્યાગ કરીને, એકાંતે સ્વરૂપનું સાધન કરવું એવા સાધુ થવાનો એને ભાવ આવે છે, પ્રથમ વિકલ્પ આવે છે અને યોગ્ય ગુરુની પાસે એ દીક્ષા અંગીકાર કરે છે. પછી એકલું સાધવાનું જ કામ કરે છે. બીજું કામ કરતા નથી. એથી એને સાધુ કહેવામાં આવે છે. અત્યારે જે લૌકિક કાર્યો કરવામાં આવે છે એ સાધુપણાના કોઈ પ્રકાર છે નહિ. વિપર્યાસ છે.

મુમુક્ષુ :- નિર્વિકલ્પ જ્ઞાનમાં... થયા જ નથી. જો થયા હોય તો ફરિવાર વિકલ્પમાં આવવાનું રહે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્ણ નિર્વિકલ્પ એટલે તેરમા ગુણસ્થાને.

મુમુક્ષુ :- આપણને એમ થાય કે અમુક સમય પછી આપણે વિકલ્પ રહિત થયા.. પણ વિકલ્પ સતતપણે અંદરમાં રહી જવો જોઈએ ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સૂક્ષ્મ વિકલ્પ હોય. સૂક્ષ્મ વિકલ્પ હોય. અબુદ્ધિપૂર્વકનો રાગ રહે છે. નિર્વિકલ્પદશાવાળાને પણ અબુદ્ધિપૂર્વકનો રાગ રહે છે. નિર્વિકલ્પ થાય,... નિર્વિકલ્પતામાં પણ એવું છે કે કોઈને વિકલ્પ બહુ મંદ થાય, સૂક્ષ્મ થાય તો એને ભ્રાંતિ થાય કે હવે વિકલ્પ મને વયો ગયો લાગે છે. એવું નથી. નિર્વિકલ્પતામાં તો બુદ્ધિપૂર્વકનો વિકલ્પ હોતો જ નથી. એટલું જ નહિ ઉપયોગ છે એ અતીન્દ્રિયતા ધારણ કરે છે. એનું એક સ્પષ્ટ લક્ષણ એ છે કે બુદ્ધિપૂર્વક જ્યાં સુધી રાગ હોય છે અને સૂક્ષ્મ પણ વિકલ્પ હોય છે ત્યારે મનાશ્રિત પરિણામ હોય છે. ત્યારે ઇન્દ્રિયજ્ઞાનનું પરિણમન હોવાથી ઇન્દ્રિય દ્વારા એ ઉપયોગ વર્તે છે, ઇન્દ્રિય દ્વારે પ્રવર્તે છે. અને નિર્વકિલ્પ ઉપયોગમાં અતીન્દ્રિય ઉપયોગ હોવાથી અસંખ્ય પ્રદેશે એ વર્તે છે. આ ફેર છે. અસંખ્ય પ્રદેશે વર્તે છે.

વેદાંતની અંદર આ વિષય એવી રીતે છે કે વચનાતીત અનિર્વચનીય દશા થાય છે. પછી એમને

પૂછીએ કે અનિર્વચનીય દશા જેને કહો છો ત્યારે તમને ક્યાં અનુભવ થાય છે? તો એમ કહે છે અહીંયાં બ્રહ્મરંધ્રમાં અનુભવ થાય છે. કહે છે કે એ પ્રકાર નથી. નિર્વિકલ્પદશાનો એ પ્રકાર નથી. નિર્વિકલ્પદશા તો આખો જે ચૈતન્યપિંડ છે જેટલો અસંખ્ય પ્રદેશી એ બધે વ્યાપ્ય-વ્યાપકભાવે પરિણમે છે. પ્રસરી જાય છે ઉપયોગ, વ્યાપી જાય છે. અને અસંખ્ય પ્રદેશે જ્ઞાનના દીવા થયા, આનંદ પ્રગટ્યો એ અસંખ્ય પ્રદેશથી વેદાય છે. ત્યાં એક મનથી અને માથાથી એવું કાંઈ ત્યાં હોતું નથી. અમુક ભાગે વેદાય એનો અર્થ કે હજી ઇન્દ્રિય જ્ઞાન વર્તે છે. એ અતીન્દ્રિય જ્ઞાન નથી. એ વિષય જૈનદર્શનમાં છે. બીજે ક્યાંય નથી અનુભવનો. પછી એ કલ્પના કરીને ગપ્પા મારે એથી કાંઈ મોક્ષમાર્ગ ચાલે નહિ.

મુમુક્ષુ :- અતીન્દ્રિય જ્ઞાન એ જ સમ્યગ્દર્શનનું લક્ષણ છે એમ નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- અતીન્દ્રિય ઉપયોગમાં જ પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટે છે. અને સર્વ ગુણસ્થાન બદલે છે એ પણ અતીન્દ્રિય ઉપયોગમાં જ બદલે છે, નિર્વિકલ્પ ઉપયોગમાં જ બદલે છે. કેમકે ત્યારે જ પુરુષાર્થ તીવ્ર હોય છે. એક ગુણસ્થાનથી ઉપરના ગુણસ્થાને જાય ત્યારે તીવ્ર પુરુષાર્થ, ઘણો તીવ્ર પુરુષાર્થ હોય છે. તેને તે ગુણસ્થાનમાં પુરુષાર્થ તીવ્ર થાય ત્યારે વિકલ્પ મટીને નિર્વિકલ્પ થાય. પણ એટલો નહિ. એક નવા તબક્કાનો.

જેમ સમ્યક્ સન્મુખ થાય ત્યારે પુરુષાર્થ છે. પણ એટલા તબક્કાનો જોઈએ કે નિર્વિકલ્પ થાય. ત્યારે એને પહેલું છૂટીને ચોથું ગુણસ્થાન આવે. એમ એ પુરુષાર્થમાં નિર્વિકલ્પ થઈ શકે ચોથે ને ચોથે. પણ એટલા તબક્કાનો તીવ્ર પુરુષાર્થ થાય કે પાંચમામાં આવે. એની સ્થિરતા વધી જાય છે.

મુમુક્ષુ :- પણ એનું લક્ષ તો ત્યારપછી ઇન્દ્રિયજ્ઞાનમાં જ્યારે અતીન્દ્રિયનો અનુભવ છૂટી જાય ત્યારે જ એનું લક્ષ થાય ને કે ... એ કઈ રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- લક્ષ તો કાયમ જ રહે છે. લક્ષ એક એવો વિષય છે કે જે કાયમ રહે છે. જ્યારથી સ્વરૂપનું અવભાસન થાય અને સ્વરૂપ લક્ષમાં આવ્યું ત્યારથી, સમ્યક્ સન્મુખ થયો ત્યારથી લક્ષ ફરે નહિ. એ 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' શાસ્ત્ર સ્વાધ્યાય એટલા માટે છે કે એકવાર એવું લક્ષ થાય કે એ લક્ષ ફરે નહિ. જો લક્ષ ન ફરે તો એના જ્ઞાનની દિશા ન ફરે. લક્ષ છે ને? એ બાજુનું જ્ઞાન છે. કારણ કે લક્ષ જ્ઞાનનો પર્યાય છે. જ્ઞાનની દિશા ન ફરે એને સમ્યક્ સન્મુખની દિશા કહે છે. એને પુરુષાર્થ સાથે કામ કરે અને વધે ત્યારે એને સમ્યગ્દર્શન થાય. કાલે ઘણી વાત આવી હતી પુરુષાર્થ વધે ત્યારે થાય, પુરુષાર્થ વધે ત્યારે થાય. ભાઈ થોડું ખેંચતા હતા.

મુમુક્ષુ :- ગઈ કાલે આવી?

પૂજ્ય ભાઈશ્રી :- ગયા હતા. એ તો બપોરે સામાન્ય રીતે દર્શન કરવા જઈએ (ત્યારે) કોઈ વખત ચર્ચા ચાલે છે.

મુમુક્ષુ :- શું વાત નીકળી?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ તો એ પૂછતા હતા કે એવું શું અત્યારે કરીએ કે જેથી સમ્યગ્દર્શન પામીએ? કે અંદરમાં અભ્યાસ કરીને ચૈતન્ય પરિણતિ પ્રગટ કરવી. વિચાર નહિ, માત્ર વિચાર નહિ. વિચારથી પણ આગળનો વિષય છે એટલે વિચાર નહિ એમ લીધું. અંદર અભ્યાસ કરવો. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ. અંદરમાં પરિણતિ થઈ જવી જોઈ એ એમનો ખાસ શબ્દ છે.

પરિણતિ થઈ જવી જોઈએ એટલે શું? કે ક્યારેક ક્યારેક વિકલ્પ વિચાર આવે કે સ્મરણ આવે એમ ભૂલી ગયા અને હું તો જ્ઞાયક છું, હું તો આત્મા છું, હું તો જ્ઞાનસ્વરૂપી છું. એમ નહિ. એની પરિણતિ થઈ જવી જોઈએ. એટલી ધગશ હોવી જોઈએ, એટલી લગની હોવી જોઈએ કે સમ્યગ્દર્શન પહેલા જાણે એની એક પરિણતિ થઈ જાય. એ લક્ષ થાય તો એની પરિણતિ થાય. અને તો એને એ પુરુષાર્થ વધીને, તીવ્ર થઈને સમ્યગ્દર્શન પ્રગટે. એટલો વિષય ચાલ્યો હતો.

અસ્તિત્વ પકડવું જોઈએ. એ વાત જરા વિશેષ ચાલી હતી. બધું તો કાંઈ યાદ રહેતું નથી. અસ્તિત્વ પકડવું જોઈએ. આત્માનું જે જ્ઞાનમય અસ્તિત્વ છે એ

અસ્તિત્વનું ગ્રહણ કરવું જોઈએ. અસ્તિત્વનું ગ્રહણ કરવું જોઈએ. જેમ રાગનું ગ્રહણ થાય છે, કોઈ વિષયનું ગ્રહણ થાય છે ભાવમાં, એના બદલે આત્માની સત્તાનું, નિજ અસ્તિત્વનું ગ્રહણ કરવું જોઈએ. અસ્તિત્વમાં અનંત ગુણ ભર્યા છે. સ્વરૂપ અસ્તિત્વમાં અનંત ગુણ ભર્યા છે. એનું ગ્રહણ થવું જોઈએ.

મુમુક્ષુ :- જ્ઞાન એક અસાધારણ લક્ષણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનની લક્ષણની વાત કરી કે જ્ઞાનલક્ષણથી એનું ગ્રહણ થાય છે, જ્ઞાનલક્ષણથી એ ઓળખાય છે. એ ભાઈએ પૂછ્યું કે ઓળખાણ થઈને આમ થાય ને? તો કહ્યું, હા, ઓળખાણ થઈને થાય. જ્ઞાનલક્ષણથી એનું ગ્રહણ થવું જોઈએ, જ્ઞાનલક્ષણથી એની ઓળખાણ થવી જોઈએ, એની પરિણતિ થવી જોઈએ, ભેદજ્ઞાનનો પુરુષાર્થ ચાલવો જોઈએ. એ પુરુષાર્થ વધે તો એને નિર્વિકલ્પદશા અને સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય. એ એક ક્ષણનું સમ્યગ્દર્શન છે એ અનંત ભવનું છેદક છે. એટલી શક્તિ ધરાવે છે. એને પછી અનંત સંસાર નથી. જેણે એક ક્ષણ માટે સમ્યગ્દર્શન પ્રગટ કરી લીધું એને હવે અનંત સંસાર નથી. એમાં પણ આવા હિણા કાળમાં જેણે પ્રગટ કર્યું એને માટે તો એ પ્રશ્ન જ નથી કે બીજા ભવ પણ લાંબા હોય. એ પ્રશ્ન નથી. કેમકે અત્યારે તો પુરુષાર્થ જ લગભગ ઉપડતો નથી.

એ '**આવિર્ભૂત કરીને...**' એમ કહે છે. '**જ્ઞાયકને આવિર્ભૂત કરીને...**' એટલે અંતર પુરુષાર્થના જોરમાં જ્ઞાયકસ્વભાવમાં અતિશયપણે ભાવાન્વિત થઈને એને આવિર્ભૂત કહેવામાં આવે છે. અતિશયપણે ભાવાન્વિત થઈને, પ્રચુર ભાવમાં આવીને. આ ભાવુક પ્રકૃતિ એટલા માટે અહીંયાં આદરણીય છે. ભાવુકતા છે ને એ. એ પ્રચુર ભાવમાં આવવા માટે એક યોગ્ય પરિસ્થિતિ છે. '**આત્માને જ્ઞાયકપણે અનુભવે છે.**' ત્યારે એ આત્માને જ્ઞાયકપણે અનુભવે છે. નહિતર એ જ્ઞાયકનો વિકલ્પ ચાલે એનાથી કાંઈ સંતોષ પકડવાની વાત છે નહિ. ૩૪૪ થયો.

## ધાર્મિક કાર્યક્રમ

સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના વાર્ષિક સમાધિદિન પ્રસંગે ત્રણ દિવસીય ધાર્મિક કાર્યક્રમ નિમ્ન સ્થળે આયોજિત કરવામાં આવેલ છે. ચૈત્ર સુદ ૩, સોમવાર તા. ૮-૪-૨૦૧૯ થી ચૈત્ર સુદ ૫, બુધવાર તા. ૧૦-૪-૨૦૧૯ પર્યંત જિનમંદિરમાં મંડલ વિધાન રાખવામાં આવેલ છે. તથા 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'માં પ્રાતઃ સાત થી આઠ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું સી.ડી. પ્રવચન, બપોરે ચારથી પાંચ ગુણાનુવાદ તથા રાત્રે આઠથી નવ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું વિડીયો પ્રવચન તથા ભક્તિ રાખવામાં આવેલ છે. તા. ૧૦-૪-૨૦૧૯, ચૈત્ર સુદ પાંચમના દિવસે સવારે ચાર વાગે 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'માં ભક્તિ તથા બે મિનિટનું મૌન પાળવામાં આવશે. ત્યારબાદ સાતથી આઠ પ્રવચન અને તત્પશ્ચાત્ પૂજ્ય ભાઈશ્રીના સમાધિસ્થળે અડધી કલાક ભક્તિ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. આવનાર મુમુક્ષુ ભાઈ-બહેનોને વિનમ્ર સૂચન છે કે તેઓ આવવાની વિગત અગાઉથી જણાવે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

સંપર્ક : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર. ફોન : (૦૨૭૮) ૨૫૧૫૦૦૫.

## શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર...

જ છે. આ પરિણામોને સ્વ-આશ્રિત કરું તો શુદ્ધ જ્ઞાન-આનંદ અને શાંતિમય પરિણામો થશે તેમ એનો ભોગવટો રહેશે કે જે ઇચ્છનીય છે.

૩. 'સ્વ'માં અર્થાત્ જ્ઞાન-આનંદ આદિ ગુણોનો ભંડાર એવા આત્મામાં પરિણામોને ફેલાવતાં જ સાધકપણું અને મુનિપણું વગેરે ક્રમશઃ આવે છે. પરિણામોના આ પ્રકારના ફેલાવામાં જ યથાર્થ જ્ઞાન-સુખાદિનો અનુભવ ઉત્પન્ન થવા લાગે છે, જેની પ્રત્યક્ષતાથી પરાશ્રિત આકુળતામય પરિણામો પ્રત્યક્ષ વિષરૂપ માલૂમ પડવા લાગે છે કે જે સમ્યગ્દૃષ્ટિ સાધક અને મુનિઓને એક સમય માત્ર પણ રુચતાં નથી.

૪. ઉક્ત માન્યતા તેમ જ તદ્રૂપ અનુભવ થતાં અનાદિથી ચાલ્યો આવતો દૃષ્ટિનો મોહ તૂટી જાય છે. દૃષ્ટિએ જે સ્વ-અખંડ સ્વ-આત્માને લક્ષ્ય બનાવ્યું તેમાં એકી સાથે પરિપૂર્ણ પરિણામનો ફેલાવો થતો નથી, ત્યાં સુધી પરિણામનો કંઈક અંશ અખંડની સાથે સુખરૂપે પરિણમે છે અને તે જ પરિણામોનો કંઈક અંશ ઉદયની સાથે પરાશ્રિત દુઃખરૂપ પરિણમે છે. સાધક અને મુનિને આ પ્રકારે પરાશ્રિત પરિણમેલો રાગ-અંશ ઉપદેશાદિમાં કારણ થાય છે. આ રાગ-અંશ એ ચારિત્રમોહ છે, આકુળતામય છે અને તે પ્રત્યેક સમયે હેય છે, પ્રત્યક્ષ દુઃખરૂપ છે કે જે મુનિઓને બિલકુલ રુચતો નથી અને તેમાં એમને રસ આવતો નથી. પુરુષાર્થની નિર્બળતાથી અખંડ આત્માની પૂરેપૂરી પકડ ચારિત્ર પરિણામમાં ન હોવાથી એવો રાગ-અંશ હોય છે, જેનો નિષેધ પ્રત્યેક સમયે તેમની દૃષ્ટિ કર્યા કરે છે. એક સમય માટે પણ ચારિત્રમોહ સ્વરૂપી રાગ-અંશને તેઓ પોતાનું કર્તવ્ય સમજતા નથી, કે જે પ્રત્યક્ષ દુઃખરૂપ છે. આથી વારંવાર સ્વમાં સ્થિર થતાં થતાં રાગ-અંશને તોડતાં તોડતાં તેઓ શુદ્ધ સિદ્ધરૂપ થઈ જાય છે.

૫. મુનિઓના રાગ-અંશ નિમિત્તક ઉપદેશમાં ઉક્ત આશયનો સંકેત હોય છે. ભલી હોનહારવાળા જીવને તે નિમિત્તરૂપ થાય છે અને તેઓ સ્વયં પણ ઉપદેશાદિ તરફથી લક્ષ્ય હઠાવીને, ઉપદેશાદિને મુનિઓનું કર્તવ્ય સમજતા નથી, પરંતુ તેને તેમની અસ્થિરતાનો દોષ સમજીને, તેના પરથી વૃત્તિ હઠાવી લઈને, સ્વજ્ઞાનની ખાણમાં પ્રવેશ કરવા લાગે છે. અરિહંતોને ઉપદેશમાં નિમિત્ત એમનો રાગ નથી પરંતુ કંપનની અસ્થિરતા છે.

૬. રાગ તેમ જ વીતરાગતા એ બંને કર્તવ્ય બની શકતાં નથી, કારણકે બંને ભાવો પરસ્પર વિરુદ્ધ છે; તેથી અન્યના ચારિત્ર-નિર્માણના કર્તવ્યમાં વીતરાગી કર્તવ્યનો સહજ જ અભાવ છે. સાથે જ અન્યના પરિણામનો કોઈ અન્ય કર્તા થઈ શકતો જ નથી; ભલે એવી માન્યતા કરીને તે સ્વયં દુઃખી થતો રહે.

૭. એકવાર પ્રથમ સમ્યક્ત્વ તો અધિગમજ-ઉપદેશના નિમિત્તથી જ થાય છે, બીજા ભવમાં તે સંસ્કારોના નિમિત્તે ઉપદેશ વગર જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તેને નૈસર્ગિક કહે છે; પરંતુ સ્વયં પરાશ્રિત દૃષ્ટિ હઠાવીને, સ્વઆશ્રિત પરિણામ કરે તો ઉપદેશને નિમિત્ત કહેવામાં આવે છે, કર્તા નહીં. જેની યોગ્યતા હોય તેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો સહજ જ યોગ બને છે, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અનાદિથી ચાલ્યો આવે છે અને તે ચાલતો રહેશે.

આશા છે કે, મુનિઓના ઉપદેશ સંબંધી વિષયમાં ઉપરોક્ત સ્પષ્ટીકરણથી મારો દૃષ્ટિકોણ આપના લક્ષ્યમાં આવશે. દૃષ્ટિ દોષ હઠે, તે પછી મુનિઓને ઉપદેશનો રાગ તેમની અસ્થિરતાનો દોષ છે, તે કર્તવ્ય નથી અને આ દોષને સ્થિરતાનો પ્રયત્ન કરતાં કરતાં તે હઠાવતા જાય છે, કર્તવ્ય સમજીને રાખવા નથી ઇચ્છતા.

આપનો પ્રોગ્રામ લખશો અને પત્ર લખશો.

**શુભૈષી**
**નિહાલચંદ્ર સોગાની**

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૧ B



**પ્રશ્ન :-** જૈનધર્મ તે જ સાચો ધર્મ છે. બીજા બધા ધર્મો .. છે.

**ઉત્તર :-** તેદી ઓલાએ .. કર્યું એ એમ જ પૂછતા હતા. ધર્મ તો કાંઈ બહાર નથી રહ્યો. ધર્મ તો આત્માનો સ્વભાવ છે. આત્માના સ્વભાવમાં ધર્મ છે. ધર્મ કાંઈ બહાર નથી. બધા બહાર માની રહ્યા છે. બહાર નથી. ધર્મ તો અંતરમાં છે. બીજાનું ખોટું અને આ સાચું એમ નહિ પણ સાચું શું છે એ નક્કી કરવું પડે. એ સાચું શું છે? ધર્મ ક્યાં રહેલો છે? ધર્મ બધા બહારમાં માની રહ્યા છે કે બહારથી કાંઈક ક્રિયાઓ કરીએ તો બહારથી ધર્મ થાય છે. બહારથી ધર્મ થાતો નથી. ધર્મ પોતાના પરિણામમાં રહેલો છે. તો પરિણામમાં પણ માત્ર અશુભભાવથી શુભભાવ કરે, પુણ્યબંધ થાય. પણ આત્માનો સ્વભાવ તો એનાથી પણ જુદો છે. આત્માનો સ્વભાવ ઓળખે તો ધર્મ થાય. આ શરીર જુદું, આત્મા જુદો. બેય જુદી વસ્તુ છે. એ આત્મા ચૈતન્ય જુદો ઓળખે કે જાણનારો જ્ઞાયક છે. એ જ્ઞાયકને ઓળખે એમાં બધું ભરેલું છે. એમાં અનંત ગુણ છે. અનંત બધું આત્મામાં છે.

એ આત્માને ઓળખે કઈ રીતે? ઓળખે અને એની પ્રતીત કરે, એનું જ્ઞાન કરે, એમાં લીનતા કરે તો ધર્મ થાય. ધર્મ બહાર નથી. આ વિભાવ વિકલ્પથી જુદો પડે, એનું ભેદજ્ઞાન કરે, શરીર જુદું પણ અંદર વિકલ્પ વિભાવ થાય તે પણ પોતાનો સ્વભાવ નથી. એનાથી પણ આત્મા જુદો એનો સ્વભાવ જુદો છે. બીજાનું ખોટું કઈ રીતે પોતે વિચારીને નક્કી કરવું જોઈએ. જૈનધર્મ એટલે વસ્તુનો ધર્મ છે. એ જ ખરો મુક્તિનો માર્ગ છે. જૈન એટલે વાડો નથી. પણ એક વસ્તુનો સ્વભાવ છે અને એ જ રીતે ધર્મ છે.

જૈન શાસ્ત્રમાં જેમ આવે એ રીતે જ વસ્તુનો સ્વભાવ અને એવો જ મુક્તિનો માર્ગ છે. તે મુક્તિના માર્ગથી અનંતા જીવો મોક્ષ ગયા છે. આ માર્ગેથી જ. અંદર પોતાના સ્વભાવને ઓળખે કે હું જાણનારો છું. એ સ્વભાવ જે છે એ સ્વભાવ પ્રમાણે પોતે પરિણમન કરે તો એનો સ્વભાવધર્મ પ્રગટ છે. સ્ફટિક સ્વભાવે નિર્મળ છે એમ આત્મા નિર્મળ છે. અનાદિમાં એ તત્ત્વ જ જુદું. કોઈ પદાર્થ કોઈને કાંઈ મલિન કરી શકતું નથી. પોતે સ્ફટિક જેવો નિર્મળ છે. એમાં લાલ, પીળા બધા પ્રતિબિંબો પડે. એમાં લાલ, પીળા ફૂલના. તો સ્ફટિક લાલ અને પીળું એવું દેખાય પણ સફેદ જ હોય છે. એને પોતે ભેદજ્ઞાન કરીને એના સ્વભાવને ઓળખે તો ધર્મ થાય.

પાણી સ્વભાવે શીતળ છે. સ્વભાવે નિર્મળ છે. કાદવને કારણે મેલું થાય તો એ કાદવરૂપે એ થઈ નથી જતું. એમાં ઔષધિ નાખો તો નિર્મળ (થાય છે). એ તો મૂળ સ્વભાવ જ એનો નિર્મળ અને શીતળ છે. ઊનું થાય તોપણ પાણીનો સ્વભાવ તો શીતળ છે. અગ્નિના નિમિત્તે ઉષ્ણ થાય છે. પણ પાછું એને એકકોર મૂકી દો તો એનો જે સ્વભાવ હતો તો શીતળ જ થઈ જાય છે. એમ આત્મા સ્વભાવે શીતળ, નિર્મળ એવો છે. પણ પોતાના પુરુષાર્થથી મંદતાએ. કર્મ કરી નથી દેતું. કર્મનું નિમિત્ત છે. પણ પોતે મલિનતારૂપે પરિણમે છે. એનાથી છૂટો પડીને પોતાના સ્વભાવને ઓળખે, એની શ્રદ્ધા કરે, એનું જ્ઞાન કરે, ભેદજ્ઞાન કરે તો ધર્મ થાય. પહેલા તો એની જિજ્ઞાસા કરે, ભાવના કરે કેમ ઓળખાય. એના માટે શાસ્ત્ર સ્વાધ્યાય કરે, વિચાર કરે, નિર્ણય કરે, પરીક્ષા કરે. અને પછી લગની લગાડે. આત્માનો મહિમા આવે તો આત્માનો સ્વભાવ ઓળખાય. એનું ભેદજ્ઞાન

થાય, એની સ્વાનુભૂતિ થાય તો સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શન થાય એટલે મુક્તિનો માર્ગ શરૂ થાય છે. એને સ્વાનુભૂતિ થાય, આત્માના આનંદની અનુભૂતિ થાય. જગતથી જુદો જેવો અનુપમ આત્મા છે એ ઓળખાય. સ્વાનુભૂતિ થયા પછી એને ચારિત્ર લીનતા થાય. એમ ને એમ આગળ જતાં જતાં પછી મુનિપણું થાય, કેવળજ્ઞાન થાય. એ મુક્તિનો માર્ગ સમ્યગ્દર્શનથી થાય છે. સમ્યગ્દર્શન અનંત કાળમાં પ્રગટ થયું નથી. બધું બહારમાં રોકાઈ ગયું છે. અંતરમાં એની જિજ્ઞાસા લગની લગાડે કે આત્માની સ્વાનુભૂતિ-સમ્યગ્દર્શન કેમ થાય? એને માટે વિચાર, વાંચન (કરે). 'ગુરુદેવે' જે કીધું છે એનો વિચાર કરે, વાંચન કરે, લગની લગાડે તો થાય. ભેદજ્ઞાન કરવાનો પ્રયાસ કરે. દ્રવ્યદૃષ્ટિથી આત્મા નિર્મળ છે. પર્યાયમાં અશુદ્ધતા છે એ કેમ ટળે? એનો પુરુષાર્થ કરે તો થાય.

બીજા ધર્મનું તો વિચારથી નક્કી કરવું પડે કે વીતરાગી ધર્મ તે જ સાચો ધર્મ છે. આત્માનો સ્વભાવ ઓળખાવે અને અંદરથી ભેદજ્ઞાન થાય, વીતરાગદશા પ્રગટ થાય એ જ તારો ધર્મ છે. જેમાં રાગની વાતું આવે, જેમાં કાંઈ બીજી વાત આવે એવો ધર્મ ન હોય. જે વીતરાગી દેવ તે ખરા દેવ અને જે વીતરાગી ધર્મ તે ખરો ધર્મ છે. આત્માનો સ્વભાવ તે જ ધર્મ છે. બીજા બધામાં કાંઈ આડીઅવળી રાગની ને આટલું કરવાથી ધર્મ થાય, બીજા કોઈ ધર્મ આપી દેશે અને બહારથી ધર્મ આવે છે. કોક કરી દે છે. કોઈ કોઈનું કરી દેતું નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતે સ્વતંત્ર છે. જન્મ-મરણમાં પોતે સ્વતંત્ર છે. રાગ કરવામાં પોતે રાગ કરે, છોડવામાં પોતે જ છોડે છે. કોઈ કોઈનું કરી દેતું નથી. દરેક આત્મા કોઈ કરી દે છે, કોઈ ભગવાન કરી દે છે એ વાત કાંઈ યથાર્થ નથી. એ તો આત્મા પરાધીન થઈ જાય, કોઈ કરી દેતું હોય તો. કોઈ કોઈને મોક્ષે લઈ જાય અને કોક સંસારમાં રખડાવે એવું થાય. પોતે સ્વતંત્ર જ છે. પોતે રાગ-દ્વેષને લઈને, ખોટી માન્યતાને લઈને જન્મ-મરણ કરે છે. પોતે જ જ્ઞાન સાચું કરીને, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને પોતે જ મુક્તિ પામે છે, મુક્ત સ્વરૂપે પરિણમે છે.

**પ્રશ્ન :–** ઈસ આત્મા કા સ્વરૂપ ક્યા હૈ?

**ઉત્તર :–** આત્મા કા સ્વરૂપ આત્મા જાનનેવાલા હૈ. ઉસકા મુખ્ય સ્વભાવ જ્ઞાન હૈ. વહ શરીર કો જાનતા નહીં હૈ. જ્ઞાન જાનતા હૈ. જ્ઞાન .. જ્ઞાનસ્વભાવી જાનતા હૈ. લેકિન ઈસ જ્ઞાનમેં અનંત ગુણ હૈ આત્મામેં. જ્ઞાન હૈ, આનંદ હૈ ઐસે અનંત ગુણ આત્મામેં હૈ. જિસકો કોઈ નામ નહીં હૈ. જ્ઞાન, દર્શન, ચારિત્ર ઐસે નામ આતે હૈં. જ્ઞાન, દર્શન, ચારિત્ર, બલ, પ્રભુત્વ, વિભુત્વ ઐસે કોઈ-કોઈ નામ આતે હૈં. લેકિન ઐસે તો અનંત ગુણ આત્મામેં હૈં. યહ આત્મા કા સ્વભાવ હૈ. લેકિન ઉસકો પહચાનને મેં જો જાનન સ્વભાવ હૈ ન વહ આત્મા હૈ. જો જાનતા હૈ. યહ શરીર નહિ જાનતા. ભીતરમેં જો વિકલ્પ રાગ-દ્વેષ આતે હૈં તો રાગ કુછ જાનતા નહીં હૈ. તો જાનનેવાલા કોઈ તત્ત્વ હૈ ભીતરમેં. વહ તત્ત્વ આત્મા હૈ. જિસકો જાનતા હૈ. સુખ હુઆ, દુઃખ હુઆ, રાગ હુઆ સબકો કૌન જાનતા હૈ? કિ જાનનેવાલા આત્મા હૈ વહ જાનતા હૈ. યહ જાનનેવાલા કોઈ ઐસા ઈસકા સ્વભાવ હૈ કિ જો અનુપમ હૈ, જિસકી ઉપમા નહિ હોતી. વહ જાનનેવાલા અનંત કો જાનતા હૈ. ઐસા ઈસકા સ્વભાવ હૈ. પરંતુ રાગ-દ્વેષમેં એકત્વ હો ગયા ઈસલિયે ઉસકા જાનના કમ હો ગયા હૈ. બહુત અલ્પ હો ગયા હૈ.

અનંતકો જાને, કોઈ આંખ, કાન કિસીકી જરૂરત નહીં પડતી. ભીતરમેં ઐસા ઉસકા અદ્‌ભુત હૈ જ્ઞાન. લેકિન જબ વીતરાગદશા હોવે તબ યહ પ્રગટ હોતા હૈ. ભીતરમેં જો જાનતા હૈ, વહ જાનનેવાલા તત્ત્વ હૈ વહ આત્મા હૈ. ઉસકા નાશ નહિ હોતા. કોઈ ઈસકા નાશ નહિ કર સકતા હૈ. ઐસા તત્ત્વ હૈ ભીતરમેં. યહ શરીર કુછ જાનતા નહીં, હાથ જાનતા નહીં, વિકલ્પ, રાગ-દ્વેષ કુછ નહીં જાનતા. જાનનેવાલા અંદરમેં હૈ. ઉસ જાનનેવાલે કો જો જાન લે વહ આત્મા હૈ. વહ જાનનેવાલા હૈ. નિંદ્રામેં સબ જાનનેવાલા હૈ. ક્યા હુઆ? બચપન સે બડા હુઆ ઉસમેં ક્યા ક્યા હુઆ વહ જ્ઞાન કરનેવાલા આત્મા હૈ. યહ જાનનેવાલા ઉસકા સ્વભાવ હૈ. ભીતરમેં ઈસકા આનંદ સ્વભાવ હૈ. ઈસ આનંદકી કોઈ ઉપમા નહીં હોતી. ઐસા આનંદસ્વભાવ હૈ યહ, ચારિત્ર સ્વભાવ હૈ યહ.

.. કરે ઐસા સ્વભાવ હૈ. બહુત અનંત-અનંત સ્વભાવ હૈ ઈસકા. અનંત બલવાન હૈ ઐસા સ્વભાવ હૈ. બાહરમેં બલ કરે, અંતર આત્મામેં (બલ) હૈ. યહ આત્મા કા સ્વભાવ હૈ.

પર કો જાનતા હૈ વહ જાનનેવાલા નહીં. સ્વયં જાનનેવાલા હૈ. સ્વયં જડ હૈ રૂપ, રસ, ગંધકો જૈસા જાનને સ્વભાવ સ્વયં. વૈસે ચૈતન્ય આત્માકા સ્વભાવ સ્વયં જાનને કા સ્વભાવ હૈ. કોઈ ઈસકો કરતા નહીં. સ્વયં ઈસકા તત્ત્વ સ્વતઃસિદ્ધ કિસીને બનાયા નહીં ઐસે સહજ તત્ત્વ કો જાને. જૈસે જડ સહજ હૈ, વૈસે આત્મા જાનનેવાલા સહજ તત્ત્વ હૈ. લેકિન ઈસકી જિજ્ઞાસા હોવે તબ વહ જાનને મેં આતા હૈ. વિચાર કરે તબ જાનને મેં આતા હૈ. કોઈ કહતે હૈં કિ આત્મા હૈ હી નહીં. ઐસા નહીં હૈ. આત્મા એક વસ્તુ હૈ. ઉસકી સ્વાનુભૂતિ કરનેસે, ભીંતરમેં સે ઉસકો પીછાનને સે ઉસકી સ્વાનુભીતિ હોતી હૈ. જાનનેવાલા આત્મા હૈ.

**(શ્રીમદ્ રાજચંદ્ર પત્ર... પૃષ્ઠ સંખ્યા-૧૯થી આગળ)**

સર્વ પ્રકારની ક્રિયાનો, યોગનો, જપનો, તપનો, અને તે સિવાયના પ્રકારનો લક્ષ એવો રાખજો કે આત્માને છોડવા માટે સર્વે છે; બંધનને માટે નથી. જેથી બંધન થાય એ બધાં (ક્રિયાથી કરીને સઘળાં યોગાદિક પર્યંત) ત્યાગવા યોગ્ય છે.

**મિથ્યાનામધારીના યથા.**

## સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકા સંબંધિત

સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ભાવનગરથી પ્રકાશિત થતી સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકાના એડ્રેસ સંબંધિત કોઈપણ પ્રકારના ફેરફાર, નામ ઉમેરો અથવા કેન્સલ કરવા માટે નીચેના નંબર ઉપર ગ્રાહક નંબર લખી વોટ્સ એપ કરવા વિનંતી. પ્રશાંતભાઈ જૈન, મો. ૯૩૭૭૧૦૪૮૬૮

## નવીન પ્રકાશન (અધ્યાત્મ સુધા ભાગ-૧૨)

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ૮૬મા જન્મ જયંતિ મહોત્સવ પ્રસંગે પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ગ્રંથ ઉપર ચાલતા શબ્દશઃ પ્રવચનની શ્રૃંખલા અંતર્ગત અધ્યાત્મ સુધા ભાગ-૧૨ ગુજરાતીની અર્પણ વિધિ તા. ૧૩-૧૨-૨૦૧૮ના દિવસે અત્યંત આનંદોલ્લાસપૂર્વક કરવામાં આવી. જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનને સ્વાધ્યાય અર્થે પુસ્તક મંગાવવા હોય તેમણે ટ્રસ્ટના કાર્યાલયમાં સંપર્ક કરી મંગાવવા વિનંતી છે.

સંપર્ક :- વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર.




૧૮૧

**મુંબઈ, માગશર સુદ ૯, શનિ, ૧૯૪૭**

**સુજ્ઞ ભાઈ છોટાલાલ,**

ભાઈ ત્રિભોવનનું અને તમારું પત્ર મળ્યું. તેમ જ ભાઈ અંબાલાલનું પત્ર મળ્યું.

હમણાં તો તમારું લખેલું વાંચવાની ઈચ્છા રાખું છું. કોઈ પ્રસંગે પ્રવૃત્તિ (આત્માની) થશે તો હું પણ લખતો રહીશ.

તમે જે વેળા સમતામાં હો, તે વેળા તમારી અંતરની ઊર્મિઓ લખશો.

અહીં ત્રણે કાળ સરખા છે. બેઠેલા વ્યવહાર પ્રત્યે અસમતા નથી; અને ત્યાગવાની ઈચ્છા રાખી છે; પણ પૂર્વ પ્રકૃતિને ટાળ્યા વિના છૂટકો નથી.

કાળની દુષમતા...થી આ પ્રવૃત્તિમાર્ગ ઘણા જીવોને સત્‌નું દર્શન કરતાં અટકાવે છે.

તમને બધાને ભલામણ છે કે આ આત્મા સંબંધે બીજા પ્રત્યે કંઈ વાતચીત કરવી નહીં.

**વિ. રાયચંદના**

૧૮૨

**મુંબઈ, માગશર સુદ ૧૩, બુધ, ૧૯૪૭**

આપનું કૃપાપત્ર ગઈ કાલે મળ્યું. વાંચી પરમ સંતોષ પ્રાપ્ત થયો.

આપ હૃદયના જે જે ઉદ્‌ગાર દર્શાવો છો; તે તે વાંચી આપની યોગ્યતા માટે પ્રસન્ન થવાય છે, પરમ પ્રસન્નતા થાય છે, અને ફરી ફરી સત્યુગનું સ્મરણ થાય છે. આપ પણ જાણો છો કે આ કાળમાં મનુષ્યોનાં મન માયિક સંપત્તિની ઈચ્છાવાળાં થઈ ગયા છે. કોઈક વિરલ મનુષ્ય નિર્વાણમાર્ગની દૃઢ ઈચ્છાવાળું રહ્યું સંભવે છે, અથવા કોઈકને જ તે ઈચ્છા સત્પુરુષના ચરણસેવન વડે પ્રાપ્ત થાય તેવું છે.

મહાંધરાકરવાળા આ કાળમાં આપણો જન્મ એ કંઈક કારણ યુક્ત હશે જ, એ નિઃશંક છે; પણ શું કરવું, તે સંપૂર્ણ તો તે સુઝાડે ત્યારે બને તેવું છે.

**વિ. રાયચંદ**

૧૮૩

**મુંબઈ, માગશર સુદ ૧૪, ૧૯૪૭**

**આનન્દમૂર્તિ સત્સ્વરૂપને અભેદભાવે ત્રણે કાળ નમસ્કાર કરું છું.**

પરમ જિજ્ઞાસાએ ભરેલું તમારું ધર્મપત્ર ગયા પરમ દિવસે મળ્યું. વાંચી સંતોષ થયો.

જે જે ઈચ્છાઓ તેમાં જણાવી છે, તે કલ્યાણકારક જ છે; પરંતુ એ ઈચ્છાની સર્વ પ્રકારની સ્ફુરણા તો સાચા પુરુષના ચરણકમળની સેવામાં રહી છે. અને ઘણા પ્રકારે સત્સંગમાં રહી છે. આ નિઃશંક વાક્ય સર્વ અનંત જ્ઞાનીઓએ સમ્મત કરેલું આપને જણાવ્યું છે.

પરિભ્રમણ કરતો જીવ અનાદિકાળથી અત્યાર સુધીમાં અપૂર્વને પામ્યો નથી. જે પામ્યો છે, તે બધું પૂર્વાનુપૂર્વ છે. એ સઘળાની વાસનાનો ત્યાગ કરવાનો અભ્યાસ કરશો. દૃઢ પ્રેમથી અને પરમોલ્લાસથી એ અભ્યાસ જયવંત થશે, અને તે કાળે કરીને મહાપુરુષના યોગે અપૂર્વની પ્રાપ્તિ કરાવશે.

**(અનુસંધાન પાના નં.૧૮ પર...)**